# પ્રાંતિજના બોખ ગામમાં માટી ખનનથી દસ ગામોના અસ્તિત્વ પર ખતરો

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના અમદાવાદ- હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ખાતે આવેલ મોટી બોખ કે જે પ્રાંતિજ સહિત દસથી પણ વધારે ગામોની જીવન દોરી સમાન છે તેનાં અસ્તિત્વ ઉપર હાલ ખતરો છતાં જેની જવાબદારી છે તે તંત્ર અજાણ.







પ્રાંતિજ નેશનલ હાઈવે ઉપર આવેલ મોટી બોખ ખાતે છેલ્લાં કેટલાંય સમયથી બોખમાંથી ખનન થઈ રહ્યું છે માટી ચોરો દ્વારા બેધડક જેસીબી મુકીને ખનિજ ચોરી થઈ રહી છે ત્યારે બીજીબાજુ આજ માટી ચોરો બોખમાં આરસેસીનો કચરો પણ ઠાલવે છે અને વગર પરમીટ વગર ખનીજ ચોરી કરી ઢગલો રૂપિયા કમાઈ લે છે જયારે અમારાં રીપોર્ટર બોખમા ચાલી રહેલ ખનીજ ચોરી કેમેરા લેતાં ખનીજ ચોરોમાં ભાગદોડ મચી હતી અને માટી ચોર ગેંગ ટ્રેક્ટરો તથા માટી ભરતું જેસીબી મશીન લઈને ભાગી ગયા હતા. જયારે આ અંગેની તપાસ માટે નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરીએ પુછતાજ કરતા કુલ દસ જણના સ્ટાફમાંથી માત્ર એક જુનીયર કલાર્ક તથા સેવક એમ બે જણ ઓફિસમાં હતાં જયારે કોઈ ટેકનીકલ કામે, કોઈ બેંકના કામે, કોઈક રજા ઉપર હતા. કોઈ ડિવિઝન ઓફિસે ગયા હતા.

જયારે આ અંગે ફોન ઉપર જુનીયર ઈન્ચાર્જ એચ.આર. પ્રજાપતિને ફોન સંપર્ક કરતાં તેવો ડિવિઝન ઓફિસ ખાતે કામે ગયાં છે અને અમને બોખમાં થઈ રહેલ ખનન વિષે કોઈ માહિતી નથી તપાસ કરાવીશું ના ગાણા ગાતા જોવા મળ્યા હતાં ત્યારે બીજી બાજુ ઓફિસમાં કોઈ ના હોવા છતાં ઓફિસોમાં પંખા અને લાઈટો ચાલું જોવાં મળી હતી ત્યારે સરકાર દ્વારા વિજળી બચાવો અભિયાન ઉપર ભર ઉનાળે પાણી ફરી વળ્યું છે તો બીજી બાજું અધિકારીઓ ખનનની ધટનાથી અજાણ છે ત્યારે આટલી બધી બે ધડક ખનન ચોરી પાછળ થોડાતો છાંયો પડછાયો પડતો હોય એમ કહીએ તો નવાઈ નહીં ત્યારે શું ખરેખર તપાસ થશે કે કેમ અને દોષિતો સામે પગલાં લેવાશે કે કેમ એતો હવે જોવાનું રહ્યું.

# પાલનપુરમાં ગુમાસ્તા ધારાનો ભંગ કરતા વેપારીઓ દંડાયા

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના ગુમાસ્તા વિભાગને થઈ રહ્યો હોવાની વ્યાપક બુમરાણ વચ્ચે આજે કુંભકર્ણની ગાઢ નિદ્રામાં જોકે, ગુમાસ્તા વિભાગની કાર્યવાહી ને પગલે કેટલાક દુકાનદારો દુકાનોના



મોડે... મોડે પોતાના અધિકારોનું બ્રહ્મજ્ઞાન લાધતા સફાળો જાગેલો ગુમાસ્તા વિભાગ વેપારીઓ પર ત્રાટક્યો હતો. પાલનપુર શહેરમાં પાલિકાની રહેમ નજર તળે ખુલ્લેઆમ ગુમાસ્તા ધારા નો ભંગ પોઢેલો ગુમાસ્તા વિભાગ આળસ ખંખેરી ધંધે લાગ્યો હતો. જેમાં પાલિકાના ગુમાસ્તાધારાનો ભંગ કરતા વેપારી દંડાયા હતા. આશરે ૨૫ જેટલા વેપારીઓને નોટિસ ફટકારવા માં આવી હોવાનું જાણવા મળ્યું છે. શટર પડી રફૂચક્કર થઈ ગયા હતા.

જોકે, ગુમાસ્તા ધારાનો વર્ષોથી છેડેચોક ભંગ થઈ રહ્યો છે. ત્યારે અચાનક હરકતમાં આવેલા ગુમાસ્તા વિભાગની કાર્યવાહીથી અનેક તર્ક-વિતર્ક વહેતા થયા છે.

## માતુશ્રી આર.જે. તન્ના પ્રેરણા મંદિર ભિલોડાનું ગૌરવ

ભિલોડા, તા. ૧૬

મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધો. ૧૨ માર્ચ-૨૦૧૭ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં આર.જે. તન્ના પ્રેરણા મંદિર ભિલોડાના વિદ્યાર્થી ડામોર મનીષકુમાર ડી. ૮૮.૨૮ પર્સન્ટાઈલ રેન્ક સાથે શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. જ્યારે બીજા નંબરે તબીયાર ધવલકુમાર આર. ૮૭.૫૦ પર્સન્ટાઈલ રેન્ક સાથે આવેલ છે.

ગત વર્ષે પણ શાળામાં અસારી અનિલકુમાર એન. સમગ્ર કેન્દ્રમાં પ્રથમ નંબરે આવેલ હતો. જે હાલ રાજકોટ ખાતે એમ.બી.બી.એસ.માં અભ્યાસ કરી રહેલ છે. જે બદલ અર્બુદા સેવા સંઘના મંત્રી દામુભાઈ પી. પટેલ, ઉપપ્રમુખ માધુભાઈ પટેલ, શાળાના આચાર્ય રમણભાઈ પટેલ તથા શાળા પરિવારે તેજસ્વી તારલાઓને અભિનંદન આપ્યા હતા.

# પાલનપુરમાં વોર્ડ નં. ૧૦ ખાતે ૫૦ લાખના ખર્ચે નવિન બગીચો

પાલનપુર, તા.૧૬

પાલનપુર નગરપાલિકા દ્વારા સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રી શહેરી હસ્તે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં નગરપાલિકા ઉપપ્રમુખશ્રી અશોકભાઈ ઠાકોર, મહેતા, જાગૃતીબેન મોઢ, દેવેન્દ્રભાઈ રાવલ, અતુલભાઈ ચોકસી, ચીમનભાઈ, ગીરીશભાઈ



વિકાસ યોજના યુડીપી- ૮૮ હેઠળ અંદાજીત રૂ.૫૦ લાખના ખર્ચે વોર્ડ નં. ૧૦ માં ગર્વમેન્ટ હાઈસ્કુલની સામે નવિન ગાર્ડન ડેવલોપમેન્ટના કામનું ખાર્ત મુર્હત નગરપાલિકા પ્રમુખ શ્રીમતી નિલમબેન જાની, શહેર ભાજપ પ્રમુખશ્રી મુન્નાભાઈ ગુપ્તાના વરદ યુવા મોરચા પ્રમુખશ્રી હરેશભાઈ ચૌધરી, શહેર મહામંત્રી અતુલભાઈ જોષી, બાગબગીચા ચેરમેનશ્રી વૈશાલીબેન લીમ્બાચીયા, શાસક પક્ષના નેતાશ્રી હસમુખભાઈ પઢીયાર, નગરપાલિકા સદસ્યશ્રી પાર્થ સારથી પરમાર, જાગૃતીબેન પરમાર, સુરજબેન ગઢવી, નાથીબેન વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. શહેર તથા આ વિસ્તાર, વોર્ડ નં.૧૦ ના રહીશોને સ્વચ્છ અને સુંદર બગીચો મળવા બદલ વોર્ડના નાગરિકોએ હદયપૂર્વક ઉપસ્થિત મહેમાનોનું ફુલહારથી સ્વાગત કર્યું હતું.

## મહેસાણા ખાતે વણકર સમાજનો ૧૫મો સમૂહ લગ્નોત્સવ યોજાયો

ઊંઝા, તા. ૧૬

પાટણવાડા વણકર સમાજ સમૂહ લગ્નોત્સવ સમિતિ, મહેસાણા દ્વારા પંદરમો સમૂહ લગ્નોત્સવ સિદ્ધાર્થ વિદ્યાલયની આગળ, સોમનાથ રોડ, મહેસાણા ખાતે યોજાયો હતો. આ સમૂહ લગ્નમાં ૨૬ નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યાં હતા. આ નવયુગલોને સમાજના દાતાઓ તરફથી વિવિધ ભેટસોગાદો આપવામાં આવી હતી. તેમજ દાતાઓ દ્વારા દાનનો અવિરત ધોધ વહ્યો હતો. વધુમાં આ સમૂહ લગ્ન સમિતિ દ્વારા ઉપસ્થિત મહેમાનો, મહાનુભાવો, સમાજના અગ્રણીઓ, દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. પંદરમાં સમૂહ લગ્નોત્સવમાં ભોજન દાતા તરીકે કલ્પનાબેન પુરૂષોત્તમભાઈ વાઘેલા, પુરૂષોત્તમભાઈ અમથાભાઈ વાઘેલા અને અનિલભાઈ રમણભાઈ પટેલ (વડોદરા) રહ્યા હતા. આ પ્રસંગે સમાજના વડિલો, નવયુવાનો, ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ પ્રસંગને દિપાવ્યો હતો.

## સુનસર ગામમાં શ્રી સત્યનારાયણ ભગવાનની કથા અને લઘુરૂદ્ર યોજાયો

ભિલોડા,તા.૧૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના શેર ગામ સુનસરમાં શ્રી સુનસર બ્રાહ્મણ યુવક મંડળ, મુંબઈ-સુનસર આયોજીત નવયુવાન બ્રાહ્મણોના સહયોગથી શ્રી સત્યનારાયણ ભગવાનની ભવ્ય કથા, રાત્રે ભજન સંધ્યા અને સુનસર ગામની પાદરે આવેલા શ્રી ઝબલેશ્વર મહાદેવ મંદીરમાં શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે લઘુરૂદ્ર રંગેચંગે સંપન્ન થયો હતો. લગુરૂદ્રની પુર્ણાહુતિ તા.૧૫/૫/૨૦૧૭ ને સોમવારના રોજ બપોરે ૧.૪૦ વાગ્યાના સુમારે યોજાઈ હતી. દર્શનાર્થે ભારે માનવ મેદની ઉમટી હતી. દર્શનાર્થીઓએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો. ભોળા શંકર ભગવાન શિવ આષુતોષના દર્શન કરી આશિર્વાદ મેળવી ભાવિકભક્તોએ ધન્યતા અનુભવી હતી. શ્રી સત્યનારાયણ ભગવાનની કથા, લગુરૂદ્ર એટલે કે હર અને હરિનો સંગમ હોય છે. સુનસર બ્રાહ્મણ યુવક મંડળ, મુંબઈ-સુનસર કારોબારી સભ્યો, નિલકંઠભાઈ ભટ્ટ, પિન્કેશભાઈ ત્રિવેદી, ભરતભાઈ ભટ્ટ, કૃણાલભાઈ પંડ્યા, નયનભાઈ પંડ્યા સહિત કારોબારી સભ્યો તેમજ સુનસર ગ્રામજનોએ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. ભિલોડા તાલુકાના શેર ગામ સુનસર ગામના શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજ અગ્રણી કાર્યકર નર્મદાશંકર ભટ્ટ, બાબુલાલ ભટ્ટ, જયંતીલાલ ત્રિવેદી, કિરીટભાઈ પંડ્યા, મહેશભાઈ પંડ્યા, મહેશભાઈ ભટ્ટ સહિત અગ્રણીઓ મોટી સંખ્યામાં મુંબઈથી ઉપસ્થિત રહ્યા હતા.






**ધાનેરામાં રોહિત સમાજ દ્વારા પાંચમો સમુલગ્ન યોજાયો**

ધાનેરામાં રોહિત સમાજ દ્વારા પાંચમા સમુહલગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા હતા તો બીજી તરફ દાતાઓ દ્વારા રોકડ તેમજ વિવિધ ભેટ સોગાદો આપવામાં આવી હતી અને સમુહ લગ્ન સમિતિ દ્વારા તમામ દાતાઓનું શાલ તેમજ સાફા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ધાનેરામાં રોહિત સમાજ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી સમુહલગ્નનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે આ વર્ષે પણ ભવ્ય સમુહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા હતા ત્યારે આ યુગલોને આશીર્વાદ આપવા માટે ધાનેરામાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા. બીજી તરફ ધાનેરામાં દાતાઓ દ્વારા તમામ યુગલોને વિવિધ ભેટ સોગાદો આપવામાં આવી હતી.

## ઊંઝા ચાણસ્મીયા પરિવાર અને આંટા સમાજનું ગૌરવ

ઊંઝા-સિદ્ધપુર તાલુકા પંચાયતના પૂર્વ હિસાબનીશ નટવરલાલ બી. પટેલના પૌત્ર અને



ભરૂચ જીએનએફસીના એન્જિનીયર હર્ષદકુમાર એન. પટેલના પુત્ર પાર્થ પટેલ જેઓ નિરમા યુનિ. અમદાવાદમાં બી.ટેક કોમ્પ્યુટર એન્જિનિયરીંગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે તેમને જી મેઈનના ઓલ ઈન્ડિયા રેન્કની પ્રાથમિકતાને આધારે યુનિવર્સિટી તરફથી રૂપિયા પચાસ હજારની સ્કોલરશીપ મેળવી ચાણસ્મીયા પરિવાર અને આંટા સમાજનું ગૌરવ વધાર્યુ છે.

# મહેસાણામાં કૃષિ મહોત્સવનો પ્રારંભ

મહેસાણા, તા. ૧૬

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે આજે અત્રે જણાવ્યું હતું કે વર્તમાન સરકારે ખેડૂતોને ચોવીસ કલાક વ્યાજબી દરે વિજળી, સુઝલામ સુફલામ યોજના અને નર્મદા યોજના દ્વારા પાણી અને કૃષિ મહોત્સવ દ્વારા ખેડૂતોને વિવિધ જાણકારી આપતા ગુજરાતના ખેડૂતે પ્રગતિની એક નવી દિશા પકડેલ છે અને તેના કારણે અગાઉના વર્ષોમા જે ગુજરાતના ખેડૂતોની આવક રૂપિયા નવ હજાર કરોડ હતી જે આ સરકારના હકારાત્મક અભિગમ અને ભગીરથ પ્રયાસોથી વધીને રૂપિયા એક લાખ અગીયાર હજાર કરોડ જેટલી થવા પામેલ છે.






આજના કૃષિ સંમેલનમા મહત્વની બાબત એ રહિ કે કૃષિ મહોત્સવમા બેટી બચાઓ બેટી પઢાઓ ઉપર એક સાથે વિશાળ જનમેદનીએ જે સોંગંદ લીધા તે માટે નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ અને મહાનુભાવોની ઉપસ્થીતીમા વર્લ્ડ રેકોર્ડ ઓફ વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા, વિશ્વ રેકોર્ડ ટીમના અધિકારીઓ દ્વારા જિલ્લા વહિવટી તંત્રને આપવામા આવ્યો હતો.

નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે ખેડૂતોના પાકને જાનવરોથી બચાવવા માટે કાંટાની વાડ બનાવવા જે ખર્ચ થાય તેમા સરકાર દ્વારા ૫૦ ટકા સબસીડી આપવામા આવે છે તો તેનો સૌ કોઈ અસરકર્તા ખેડૂતો લાભ લે તે જરૂરી છે. જેમા ઉંઝા તાલુકાના ખેડૂતોને આ વાડ બનાવવા માટે વધારાની ૪૦ ટકા સબસીડી ઉંઝા એ.પી.એમ.સી દ્વારા આપવામા આવશે તે જાહેરાતને આવકારતા પટેલે જણાવ્યુંહતુંકે દરેક માર્કેટ યાર્ડ ખેડૂતોને ડીપ ઈરીગેશન અને કાંટાની વાડ વગેરે માટે વધારાની સબસીડી આપે તેવા પ્રયાસો થાય તે જરૂરી છે. પટેલે જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાતનો ખેડૂત પ્રગતિશીલ રહેલ છે અને તેને સમગ્ર દેશમા આગવી ઓળખ ઉભી કરેલ છે ત્યારે તે ડ્રીપ ઈરીગેશન અપનાવવાની દિશામા પણ આગળ વધે તે માટે તેમને ભારપુર્વક જણાવ્યું હતું. નિતીનભાઈ પટેલે ખેતીવાડી શાખાની વિવિધ યોજનાઓના પુર્વ મંજુરી પત્રો અને ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને કીટનું વિતરણ કર્યું હતું. તથા આત્મા પ્રોજેક્ટ અંતર્ગત બેસ્ટ આત્મા ફાર્મસ એવોર્ડ ૨૦૧૫-૨૦૧૬ માટે રાજ્ય કક્ષાએ ૧, જિલ્લા ૧, અને તાલુકા કક્ષાએ પસંદ કરાયેલા ૧૧ ખેડૂતોનુ સન્માન કર્યું હતું.

## પાણીની ચોરી રોકવા મોટર સ્કવોડ રચવાની પ્રક્રિયા શરૂ

એક તરફ અમદાવાદ શહેરનું તાપમાન સતત ઉંચે જઈ રહ્યું છે.બીજી તરફ શહેરના અનેક વિસ્તારોમાં પાણી પુરતા પ્રેશરથી ન મળતુ હોવાની ઉઠેલી અનેક ફરીયાદોના પગલે એક દાયકા બાદ ફરીથી પાણીની ચોરી રોકવા માટે મોટર સ્કવોડ રચવાની દિશામાં કાર્યવાહી તેજ કરવામાં આવી છે. સોમવારના રોજ વોટર સપ્લાય કમિટીની બેઠક મળી હતી.આ બેઠકમાં શાસક પક્ષના સભ્યો દ્વારા શહેરના અનેક વિસ્તારોમાં પાણી પુરતા પ્રેશરથી ન મળતુ હોવા ઉપરાંત અંદરના વિસ્તારો સુધી પાણી પહોંચતુ ન હોવાની ફરીયાદો સંદર્ભમાં અધિકારીઓ ઉપર પસ્તાળ પાડવામાં આવી હતી.

## આનંદનિકેતન સ્કૂલને ફી દરખાસ્ત મુદ્દે રાહત મળી

અમદાવાદ, તા. ૧૬

શહેરની આનંદનિકેતન સ્કૂલ દ્વારા તેમની ફી અંગેની ફી નિર્ધારણ સમિતિ સમક્ષ રજૂ કરવાની દરખાસ્ત અરજીની મુદત લંબાવી આપવા માટે દાદ માંગતી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરાયેલી અરજી હાઈકોર્ટે ગ્રાહ્ય રાખી હતી. હાઈકોર્ટે અરજદાર શાળાને તેમની દરખાસ્ત અરજી તા. ૧૫મી જૂન સુધીમાં રજૂ કરવા મુદત આપી છે.